# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સમસ્યાઓ ઘણી છે અને અનિશ્ચિતતા પણ છે પરંતુ પોઝીટીવ માનસિકતા સાથે બિઝનેસમાં આગળ વધવું પડશે : નિષ્ણાંતો

## ચેમ્બર દ્વારા 'ડિલીંગ વીથ અનસર્ટેન્ટી' વિષય ઉપર વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૩૦ એપ્રિલ ૨૦૨૧ના રોજ 'ડિલીગ વીથ અનસર્ટેન્ટી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધી કલોથિંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયાના પ્રમુખ રાજેશ મસદ અને માનદ્ ખજાનચી અંકુર ગડીયાએ કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં પોઝીટીવ માનસિકતા સાથે બિઝનેસમાં આગળ વધવાની દિશામાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

સીએમએઆઇના પ્રમુખ રાજેશ મસદે જણાવ્યું હતું કે, કોરોનાના ફર્સ્ટ વેવ બાદ સપ્ટેમ્બર – ઓકટોબરમાં ઉદ્યોગ – ધંધાએ ગતિ પકડી હતી પણ જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં કોરોનાની સેકન્ડ વેવે ફરીથી માથું ઊંચકયું હતું. માર્ચમાં સમગ્ર દેશમાં જે રીતે કોરોનાના કેસોમાં ઉછાળ્યો નોંધાયો તેને કારણે ઉદ્યોગકારોનો વિશ્વાસ ડગી ગયો હતો અને દેશની આખી સિસ્ટમ અને વ્યવસ્થા પણ હલી ગઇ છે. આગામી એક – બે વર્ષ સુધી તો આવી સ્થિતિ રહેશે પણ ત્યારબાદ પણ કેટલો સમય આ સ્થિતિ બની રહેશે તે હાલ ચોકકસ કહી શકાય નહી. ઉદ્યોગ – ધંધાને ફરીથી તક મળી જશે, પરંતુ અત્યારની સ્થિતિ મુજબ બ્રેક લેવાની જરૂરિયાત દેખાઇ રહી છે. હાલની સ્થિતિમાં બધાએ કોશિયસ અને એગ્રેસીવની સાથે કેયરફૂલ પણ રહેવું પડશે.

વધુમાં તેમણે ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને છ મહિનાની પ્લાનિંગ કરવાની જરૂર નથી. બે – બે મહિનાની જ પ્લાનિંગ કરો. રેડી સ્ટોકમાં ઘણો માલ સ્ટોક રહે છે અને પાઇનલાઇનમાં પણ રહે છે. આથી ૩૦ દિવસને બદલે ૨૧ દિવસમાં પ્રોડકટ બનાવો અને જો ૨૧ દિવસમાં પ્રોડકટ બનાવતા હોવ તો તેને પંદર દિવસમાં લઇ આવો. સાથે જ કેશ ફલોને ઇમ્પ્રુવ કરો. સિઝનમાં એક બુકીંગ કરતા હતા તેને હાલમાં બંદ કરો. પછી પ્રોડકટ વેચવા માટે એફર્ડ લગાવવા પડશે પણ નુકસાન ભોગવવાનો વારો આવશે નહીં.

સીએમએઆઇના માનદ્ ખજાનચી અંકુર ગડીયાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગકારો લાંબા સમયગાળા માટે બિઝનેસ ચાલુ કરે છે. ગત વર્ષે કોરોનાની ફર્સ્ટ વેવને કારણે લોકડાઉન બાદ માર્કેટ શરૂ થયા હતા અને એક – બે મહિનામાં માર્કેટમાં તેજી આવી ગઇ હતી. અત્યારે કોરોનાની સેકન્ડ વેવની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ફેકટરીઓમાં પ્રોટોકોલના પાલન કરીને એકમો ચાલુ રાખી પ્રોડકશન કરવું જોઇએ. સંપૂર્ણ વેકસીનેશન બાદ કોવિડ– ૧૯ની સ્થિતિ સામાન્ય થઇ જશે તેવું હાલ લાગી રહયું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ પોતાના રિસ્ક પર કરીએ ત્યાં સુધી કોઇ વાંધો આવતો નથી, પરંતુ જ્યારે બેંક પાસેથી પૈસા લઇને બિઝનેસમાં રોકીએ ત્યારે જો બિઝનેસ નહીં ચાલે તો પૈસા ચૂકવવાનું અઘરું થઇ જાય છે. આથી બને ત્યાં સુધી પોતાના જ પૈસાથી બિઝનેસ ચાલુ કરવાની સલાહ તેમણે ઉદ્યોગ સાહસિકોને આપી હતી. તેમણે વધુમાં કહયું કે, બિઝનેસના દરેક પાસા ઉપર નજર રાખવી પડશે. બિઝનેસને ઘટાડવાની જરૂર નથી. ખરીદી સારી નીકળે ત્યારે પ્રોડકટ વેચાઇ જ જવાની છે. તેમણે ડાયવર્સિફિકેશન અને ઇ–કોમર્સ ઉપર પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

સીએમએઆઇના ચીફ મેન્ટર રાહુલ મહેતાએ વેબિનારમાં કરાયેલી ચર્ચાનો ટૂંકમાં સાર આપ્યો હતો. તેમણે કહયું હતું કે, પાંચ વર્ષ માટેની જે પ્લાનિંગ હોય છે તેને છોડવી પડશે અને છ મહિના પૂરતી શોર્ટ ટર્મ પ્લાનિંગ કરવી પડશે. ભવિષ્યમાં તમારા બિઝનેસને કઇ દિશામાં લઇ જવાનો છે તે વિશે વિચારવું જોઇએ. કોઇપણ વેપારી હોય તેઓને પોતાના ઇન્વેન્ટ અને ફાયનાન્સ ઉપર અત્યારે કન્ટ્રોલ કરવાની જરૂર છે. હાલની સ્થિતિમાં કયો ધંધો કે વેપારી ફેઇલ થઇ જાય તે પ્રત્યે વિશેષ તકેદારી રાખવી પડશે. પ્રોડકટીવિટી અને એફિશિયન્સી ઉપર ફોકસ કરવો પડશે. બિઝનેસમાં બદલાવની માનસિકતા રાખવી પડશે. સમસ્યાઓ ઘણી છે અને અનિશ્ચિતતા પણ છે પરંતુ પોઝીટીવ માનસિકતા સાથે બિઝનેસમાં આગળ વધવું પડશે.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ધી કલોથિંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયાના ચીફ મેન્ટર રાહુલ મહેતાએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ગૃપ ચેરમેન હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.